# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-05-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Sunday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મન કી બાત કાર્યક્રમની 122મી કડીમાં દેશ વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આવતીકાલથી બે દિવસના રાજ્યના પ્રવાસને લઇને લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો
3) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની 10મી બેઠકમાં જણાવ્યું કે, વિકસિત ભારત@2047 એ રાષ્ટ્રનો સામૂહિક સંકલ્પ
4) આજથી છ દિવસ માટે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પવન સાથે વરસાદની આગાહી – જાફરાબાદ બંદરે એક નંબરનું સિંગ્નલ લગાવાયું
5) આઇપીએલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે બપોરે ગુજરાત ટાઇટન્સ અને ચૈન્નાઇ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે

-------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત ' કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિ યો કાર્યક્રમની આ 122-મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક , આકાશવાણી સમાચારની વૅબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઈલ ઍપ્લિકેશન, આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર , પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ પર આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત આકાશવાણીથી હિન્દી પ્રસારણ બાદ તરત જ 'મન કી બાત ' કાર્યક્રમ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારિત થશે.

---------------

# PM MODI GUJ VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26 અને 27 મે-એ રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે. સત્તાવાર યાદી મુજબ , ઑપરેશન સિંદૂર બાદ પહેલી વખત રાજ્યની મુલાકાતે આવતા શ્રી મોદી દાહોદ, ભુજ અને ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી 26 મીએ કચ્છના ભુજમાં અંદાજે 53 હજાર 414 કરોડ રૂપિયાના ખર્ચે 33 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

ઉપરાંત શ્રી મોદી જામનગર , અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ , અમદાવાદ, તાપી અને મહીસાગર જિલ્લાઓને પણ વિવિધ ભેટ આપશે.

---------------

# PM POLICE BANDOBAST

પ્રધાનમંત્રીના ગાંધીનગરમાં 26 અને 27 મી મેના પ્રવાસ દરમિયાન લોખંડી બંદોબસ્ત રહેશે. ગાંધીનગર ખાતેના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમ માટે 3 હજાર પોલીસ નો બંદોબસ્ત ગોઠવાશે. પ્રધાનમંત્રીના પ્રવાસના રૂટ , રાજભવન, રોડ શો રૂટ અને મહાત્મા મંદિર ખાતે બંદોબસ્ત રહેશે. આ બંદોબસ્તમાં 10 એસપી સહિતના પોલીસ અધિકારી ખડે પગે રહેશે. ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રીનો બે કિલો મીટર સુધીનો રોડ શો યોજશે અને આ રોડ શો દરમિયાન પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે તેમ ગાંધીનગરના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીએ જણાવ્યું હતું.

(બાઈટ- રવિ તેજા વાસમશેટી, એસપી ગાંધીનગર)

બીજી તરફ અમદાવાદમાં પણ એરપોર્ટથી લઈને ઈન્દીરા બ્રીજ સુધીની પ્રધાનમંત્રીની મુસાફરી દરમિયાન બે ડીસીપી સહિત 600 જેટલા પોલીસ કર્મચારીઓ ખડે પગે તહેનાત.

. . . . . . . . . . . . .

# AHD CIVIL HOSPITAL KHATMUHURAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 27 મેના રોજ અસારવા સિવિલ હોસ્પિટલ પરિસરમાં 1800 બેડની આધુનિક હોસ્પિટલના નિર્માણનું ખાતમુહૂર્ત કરશે. આ વિશાળ પ્રોજેક્ટ 588 કરોડના ખર્ચે આગામી ત્રણ વર્ષમાં પૂરું થવાનું આયોજન છે.અત્યારના જૂના બિલ્ડિંગને તોડીને નવું બિલ્ડિંગ બનાવવામાં આવશે. તેમ અમદાવાદ સ્થિતિ અસારવા સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડોક્ટર રાકેશ જોષીએ કહ્યું હતું.

(બાઇટ- ડો. રાકેશ જોષી, સુપ્રિટેન્ડેન્ટ, સિવિલ હોસ્પિટલ અસારવા)

. . . . . . . . . . . . .

# GANDHINAGAR – CIVIL HOSPITAL

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તૈયાર થયેલા કાર્ડિયાક સેન્ટરનું ૨૭મીએ પ્રધાનમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવશે..મહાત્મા મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કાર્ડિયાક સેન્ટરનું ઈ-લોકાર્પણ કરાશે. ગાંધીનગર સિવિલની ૬૦૦ બેડ હોસ્પિટલ બિલ્ડીંગમાં હાર્ટ એન્ડ ન્યુરો કેર યુનિટ ખાતે એક અદ્યતન કેથલેબ ઉપરાંત બે હાઈ-ટેક ઓપરેશન થિયેટરનું નિર્માણ કરાયું હોવાની માહિતી ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ મિતા પરિખ આપી હતી.

(બાઇટ- મિતા પરિખ, સિવિલ સુપ્રિટેન્ડન્ટ, ગાંધીનગર સિવિલ હોસ્પિટલ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# CM NITI AYOG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની 10મી બેઠકમાં સહભાગી થતાં જણાવ્યું કે, વિકસિત ભારત@2047 એ રાષ્ટ્રનો સામૂહિક સંકલ્પ છે. આ સંકલ્પને પાર પાડવામાં દરેક રાજ્યની અર્થપૂર્ણ અને રણનીતિક ભૂમિકા અનિવાર્ય છે. દરેક રાજ્ય , દરેક શહેર-ગામ અને સમાજ વિકસિત બને તે જ વિકસિત ભારતના સંકલ્પનો મૂળ ભાવ છે.આ બેઠકમાં વિકાસ વિઝન સાથે વિકસિત ગુજરાત @2047નો જે રોડમેપ રજૂ કર્યો હતો તેના અમલ માટેના સુનિશ્ચિત આયોજનની વિગતવાર છણાવટ આ બેઠકમાં પ્રસ્તુત કરી હતી. તેમણે આ રોડમેપ અંતર્ગત રાજ્યના બધા જ લોકોના અર્નિંગ વેલ અને લિવિંગ વેલનું વિઝન ગુજરાતે રાખ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . .

# Katch - Fisher

રાજયમાં દરિયાઈ કાંઠાના પ્રાદેશિક જળ વિસ્તારમાં પહેલી જુનથી ૧૫ ઓગષ્ટ-૨૦૨૫ સુધી યાંત્રિક બોટો દ્વારા થતી આંતરદેશીય તથા પ્રાદેશિક જળક્ષેત્રમાં માછીમારી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેને લઈ કચ્છ જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી અને ક્રિક વિસ્તારમાં માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિએ 30 જૂલાઈ સુધી માછીમારી માટે સમુદ્રમાં કે ક્રિક વિસ્તારમાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી તેવો આદેશ કરાયો છે. આ આદેશ બંદર ઉપર આવતા વ્યાપારિક જહાજો. લશ્કરી દળો , અર્ધ લશ્કરી દળો , પોલીસ દળોની બોટો અને પગડીયા માછીમારોને લાગુ પડશે નહી.

. . . . . . . . . . . . .

# Weather

હવામાન વિભાગે આજથી છ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાત સાથે સૌરાષ્ટ્ર- કચ્છમાં છૂટાછવાયા સ્થળ પર 26મી મે સુધી વરસાદની આગાહી કરી . આ સાથે જ ગઈકાલે પણ રાજ્યના કેટલાંક તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. દરિયો તોફાની બને તેવી તેવી શક્યતાને પગલે માછીમારોને દરિયો ન ખેડવાની પણ સૂચના અપાઈ છે.

હવામાન ખાતાની આગાહીના કારણે સમગ્ર સૌરાષ્ટ્રમાં એલર્ટ જાહેર કરાયુ છે ત્યારે અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદરે ભયજનક એક નંબરનું સિગ્નલ લગાવાયું છે. અમારા અમરેલીના પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે જાફરાબાદમાં મોડી રાત્રે ૩ ઇંચ વરસાદ પડ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં નદી નાળા છલકાઈ ગયા હતા અને વિજપોલ ધરાશાઈ થતા અંધારપટ્ટ છવાયો હતો.

. . . . . . . . . . . . .

# DANG- Plastic pollution free rally

ગિરિમથક સાપુતારા ખાતે વલસાડ -ડાંગનાં સાંસદ ધવલ પટેલની ઉપસ્થિતિમાં ‘પ્લાસ્ટિક પ્રદુષણમુક્ત‘ જનજાગૃતિ રેલી યોજાઇ. પ્લાસ્ટિક સ્વચ્છતા અભિયાન’ અંતર્ગત યોજાયેલી રેલીમાં પ્લાસ્ટિકના દૂષણને દૂર કરી, પર્યાવરણને પ્રદુષણમુક્ત બનાવવાનો સંકલ્પ કરાયો.

દરમિયાન સાંસદ ધવલ પટેલે વિશ્વને પ્રદુષણમુક્ત બનાવવા પ્લાસ્ટિકના દૂષણને દૂર કરીને, તમામ લોકોએ પ્લાસ્ટિક મુક્ત ભારતના નિર્માણમાં સહભાગી થવા અપીલ કરી.

---------------

# IPL

IPLમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે મેચ બપોરે 3.30 વાગે શરૂ થશે. અન્ય મુકાબલામાં , સનરાઇઝર્સ હૈદરાબાદ અને કોલકાતા નાઈટ રાઇડર્સ સાંજે 7:30 વાગ્યે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે ટકરાશે.

દરમિયાન ગઈકાલે રાત્રે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે પંજાબ કિંગ્સને છ વિકેટે હરાવ્યું. પંજાબ કિંગ્સે પ્રથમ બેટિંગ કરીને નિર્ધારિત વીસ ઓવરમાં આઠ વિકેટે 206 રન બનાવ્યા. કેપ્ટન શ્રેયસ ઐયરે અડધી સદી ફટકારી. દિલ્હી કેપિટલ્સ તરફથી મુસ્તફિઝુર રહેમાને ત્રણ વિકેટ લીધી. જ્યારે વિપ્રાજ નિગમ અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી. 208 રનના લક્ષ્યનો પીછો કરતા દિલ્હી કેપિટલ્સે સમીર રિઝવીની શાનદાર અડધી સદીને કારણે છેલ્લી ઓવરમાં જીત મેળવી. રિઝવીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

. . . . . . . . . . . . .

# Ahilyabai Holkar Birth Anniversary

પુણ્ય શ્લોક અહલ્યાબાઈ હોલકરની 300મી જન્મજયંતિ નિમિત્તે કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં મહિલા ખેલ મહાકુંભ યોજાયો. સામાજીક સંસ્થા દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં તેમના જીવન પર આધારિત ફોટો પ્રદર્શન પણ યોજાયું.

દરમિયાન, મહીસાગર જિલ્લા ભાજપ દ્વારા લુણાવાડા ખાતે યોજાયેલા સંમેલનમાં અહલ્યાબાઈના જીવનસંઘર્ષ અને તેમના જીવનની મહત્વની ઘટનાઓ અંગે લોકોને માહિતી આપવામાં આવી.

---------------